એનેક્ષર-બી (B)

(સામાન્ય વહીવટ વિભાગના તા,૦૧.૦૫.૨૦૦૯ ના પરિપત્ર ક્રમાંક: પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઇસેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે માનનીય સાહેબશ્રી, વડી કચેરી (પ્રોપર) તથા માનનીય સાહેબશ્રી, વહિવટી કાર્યક્ષેત્રનાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ-૪ અંતર્ગત સ્વયં જાહેર કરવાની બાબતો " પ્રોએકટીવ ડીસ્કલોઝર " (P.A.D.) તૈયાર કરવામા આવી છે. અને તા. ૧/૫/૨૦૨૫ ની સ્થિતિએ તે સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી (બ્રીડિંગ), ખરસાણી સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વણારસી દ્વારા અદ્યતન કરવામાં આવેલ છે. જેનું અમારા દ્વારા માહે : મે / જુન ૨૦૨૫ (વર્ષ) દરમ્યાન ઈન્સપેકશન –કમ – ઓડિટ કરવામાં આવ્યુ છે અને જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર અપુરતી વિગતો જણાઈ હતી તેની પુર્તતા કરવામાં આવી છે.

(૨) તા. ૩૦/૬/૨૦૨૫ (વર્ષ) ની સ્થિતિએ હવે કોઈ જાહેર સત્તામંડળનાં (પ્રોએક્ટીવ ડીસ્કલોઝર) ઈન્સપેકશન –કમ – ઓડિટ બાકી રહેલ નથી.

તારીખ : ૦૭/૦૫/૨૦૨૫
મુખ્ય મથક: નવસારી

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ,
નવસારી કૃષિ યુનિવર્સિટી,
નવસારી.

## એનેક્ષર-એ

(સામાન્ય વહીવટ વિભાગનાં તા. ૦૧/૦૫/૨૦૦૯ના પરિપત્ર ક્રમાંકઃ પીએડી-૧૦-૨૦૦૭-૩૩૫૩૬૪-આરટીઆઈસેલનું બિડાણ)

## પ્રમાણપત્ર

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, માનનિય સાહેબશ્રી, વડી કચેરી (પ્રોપર) તથા માનનિય સાહેબશ્રી, વહીવટી કાર્યક્ષેત્રનાં આ સાથેની યાદી મુજબનાં જાહેર સત્તામંડળો દ્વારા માહિતી અધિકાર અધિનિયમની કલમ ૪ અંતર્ગત સ્વંય જાહેર કરવાની બાબતો 'પ્રોએક્ટીવ ડીસ્કલોઝર' (PAD) તૈયાર કરવામાં આવેલ છે અને તા. ૦૧/૦૫/૨૦૨૫ ની સ્થિતિએ તે અદ્યતન કરવામાં આવેલ છે જેનું અમારા દ્વારા માહે મે/જુન-૨૦૨૫ દરમ્યાન ઈન્સપેક્શન-કમ-ઓડીટ કરવામાં આવ્યું છે. જે બાબતે ક્ષતિ જણાઈ હતી અગર તો અપૂરતી વિગતો જણાઈ હતી તેની પૂર્તતા કરાવવામાં આવી છે.

(૨) તા. ૩૦/૦૬/૨૦૨૫ ની સ્થિતીએ હવે કોઈ જાહેર સત્તામંડળોનાં 'પ્રોએક્ટીવ ડીસ્કલોઝર' (PAD) નું ઈન્સપેક્શન-કમ-ઓડીટ બાકી રહેલ નથી.

મથકઃ વણારસી
તારીખઃ ૦૧/૦૫/૨૦૨૫

હોદ્દોઃ સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રી.)
કચેરીનું નામઃખરસાણી સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ.,વણારસી

# ખરસાણી સંશોધન કેન્દ્ર,
# નવસારી કૃષિ યુનિવર્સિટી,વણારસી

NAVSARI AGRICULTURAL UNIVERSITY

## સ્વયંભૂ જાહેર કરાયેલ માહિતી
## (પ્રોએકટીવ ડીસ્કલોઝર)-૨૦૧૬ પરિચય ગ્રંથ

માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫

પ્રકરણ-૨, કલમ ૪(૧)(બ)

તા. ૦૧/૦૫/૨૦૨૫

# પ્રોએકટીવ ડીસ્કલોઝર

કચેરીનું નામ :- ખરસાણી સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વણારસી

મુદ્દા નં. ૧) પોતાના વ્યવસ્થા તંત્ર કાર્યો અને ફરજોની વિગત :-

| વ્યવસ્થા તંત્ર | હોદ્દો | કાર્યો અને ફરજોની વિગત |
|---|---|---|
| વાઈસ ચાન્સેલર | યુનિવર્સિટીનાં વડા | યુનિવર્સિટીની વહીવટીનું સંચાલન |
| સંશોધન નિયામક | સંશોધનનાં વડા | યુનિવર્સિટીની સંશોધનનું સંચાલન |
| સહ સંશોધન વૈજ્ઞાનિક | અત્રેની કચેરીનાં વડા | અત્રેનાં કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાઓનું સંશોધન અને કેન્દ્રનાં વહીવટીનું સંચાલન |

મુદ્દા નં. ૨) અધિકારી અને કર્મચારીઓની સત્તા અને ફરજો :-

| | |
|---|---|
| (૧) | ડૉ. પી. એમ. મિસ્ત્રી, સહ સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) :- |
| ૧ | કેન્દ્ર ખાતે ચાલતી તમામ પ્લાન યોજના (સ્ટેટ) હેઠળ ખરસાણી, સોયાબીન, ડાંગર તથા હલકા ધાન્યો વિગેરેનાં પાકો ઉપર સંશોધનનાં હેતુસર વિવિધ ડીસીપ્લન જેવી કે પ્લાન્ટ બ્રીડીંગ, એગ્રોનોમી વિગેરેનાં અખતરાઓનું આયોજન, વાવેતર તથા રીપોર્ટીંગની કામગીરી. |
| ૨ | તલ પાકમાં બ્રીડીંગ મટીરીયલ્સ જનરેટ કરવુ તથા એડવાન્સમેન્ટની કામગીરી કરવી. |
| ૩ | આ વિસ્તારમાં વાવેતર થતાં પાકો જેવા કે ડાંગર, ખરસાણી, સોયાબીન, ચણા, મગ વિગેરે પાકોનાં બીજ વૃધ્ધિ પ્રોગ્રામની કામગીરી. |
| ૪ | ખરસાણી, સોયાબીન વિગેરે પાકો ઉપર નિદર્શન પ્લોટો ખેડૂતોનાં ખેતર ઉપર ખરસાણીનાં પાક ઉપર નિદર્શન પ્લોટો ગોઠવાની કામગીરી. |
| ૫ | ઉપાડ અને ચૂકવણા અધિકારી તરીકેની તમામ કામગીરી. |
| ૬ | ફાર્મને લગતી તમામ વહીવટી કામગીરી. |
| ૭ | અત્રે ચાલતી તમામ યોજનાનાં બજેટની કામગીરી. |
| ૮ | સ્ટાફ સુપરવીઝન (ટેકનીકલ તથા ક્લેરીકલ) કામગીરી. |
| ૯ | ખેડૂત શિબીર, કૃષિમેળા વિગેરેનું આયોજન તથા ભાગ લેવાની કામગીરી. |
| (૨) | ડૉ. પી. કે. જગતાપ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) :- |
| ૧ | એઆઈસીઆરપી (બ.સ.૨૦૫૨) યોજનાનાં બ્રીડીંગ ટ્રાયલની ગોઠવણ કરી અવલોકનો નોંધી પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટરને મોકલવા. |
| ૨ | પ્લાન યોજના (બ.સ.૧૨૦૦૯-૫) ના ખરસાણી પાકના બ્રીડીંગના અખતરાઓના આયોજન, ગોઠવણ અને અવલોકનોની નોંધણી કરવામાં મદદ કરવી. |
| ૩ | ખરસાણી પાકના જર્મપ્લાઝમની જાળવણી કરવી તથા તેમાં નવા જર્મપ્લાઝમોનો ઉમેરો કરવો. આ ઉપરાંત અત્રે ઉપલબ્ધ તલ તથા અળસી પાકનાં જર્મપ્લાઝમની જાળવણી કરવી. |

| | |
|---|---|
| ૪ | ખરસાણી તથા તલ પાકનું બ્રીડીંગ મટીરીયલ્સ જનરેટ કરી જાળવણી કરવામાં મદદ કરવી. |
| ૫ | અત્રેના કેન્દ્ર ખાતે ફાળવવામાં આવતા અન્ય પાકનાં બ્રીડીંગ વિભાગના મલ્ટીલોકેશન અખતરાઓ જેવા કે ડાંગર, હલકા ધાન્ય પાકો, તલ, સોયાબીન વગેરે પાકોના અખતરાનું આયોજન, ગોઠવણ તથા અવલોકનોની નોંધણી કરવામાં મદદ કરવી. |
| ૬ | એઆઈસીઆરપી (બ.સ.૨૦૫૨) યોજનાનો તાંત્રિક, વહીવટી તથા નાંણાકીય પત્ર વ્યવહારો કરવા. |
| ૭ | અત્રેના કેન્દ્ર ખાતે ચાલતી કેન્દ્રીય ટ્રાયબલ સબ પ્લાન તથા ફ્રંટ લાઈન ડેમોન્સ્ટ્રેશન યોજનાના નિદર્શનોની ગોઠવણ કરવી તથા તેને લગતી તમામ કાર્યવાહી કરવી. |
| ૮ | બ્રીડીંગ વિભાગના અખતરાનો એગ્રેસ્કો રીપોર્ટ તૈયાર કરવો. |
| **(૩) મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(એગ્રોનોમી)નો ચાર્જ ડાૅ. પી. કે. જગતાપને સોંપવામાં આવેલ છે. :-** | |
| ૧ | એઆઈસીઆરપી તથા પ્લાન યોજનાના એગ્રોનોમી વિભાગના અખતરાઓનું આયોજન, ગોઠવણ તથા તેના અવલોકનની નોંધવાની કામગીરી કરવી. |
| ૨ | અત્રેના કેન્દ્રનો એગ્રોનોમી વિભાગનો એગ્રેસ્કો રીપોર્ટ તૈયાર કરવો. |
| ૩ | કેન્દ્રના ફાર્મ મેનેજર તરીકેની તમામ કામગીરી કરવી, ફાર્મના કામની અગત્યતાને ધ્યાનમાં લઈ લેબર મેનેજમેન્ટ કરી કામગીરીનું મોનીટરીંગ કરવું. |
| ૪ | ફાર્મના વિકાસની કામગીરી જેવી કે ફાર્મ ફેન્સીંગ કરવી, ફાર્મ પિયત સુવિધા વધારવી તથા ફાર્મની ચોખ્ખાઈ રાખવી વગેરે કામગીરી કરવી. |
| ૫ | ફાર્મ પર વિવિધ ઋતુમાં લેવામાં આવતા બીજ ઉત્પાદનો જેવા કે ડાંગર, નાગલી, સોયાબીન, શણ, ચણા, મગ વગેરેનું આયોજન કરી બીજ ઉત્પાદન કરવું. |
| ૬ | ફાર્મની વખતોવખત ઉપરની કચેરીથી મંગાવવામાં આવતી તાંત્રિક માહિતી તૈયાર કરી જે તે કચેરીને મોકલવી. |
| ૭ | અત્રેના કેન્દ્ર તથા અન્ય કેન્દ્રના ડાંગર પ્રોસેસીંગ અંગેની કામગીરીનું આયોજન કરવું. |
| ૮ | ફાર્મના જનરલ ઉપજ થતી ચીજ-વસ્તુનાં વેચાણ અંગે કાર્યવાહી કરવી. |
| ૯ | કલાસીફાઈડ અને માઈનોર વર્કસ અંગેનું આયોજન તથા તેને લગતી કામગીરી કરવી. |
| ૧૦ | સ્થાનિક તથા લોકલ ફંડ ઓડીટ સમયે સ્ટોર તથા હિસાબી શાખાના જવાબદાર કર્મચારી સાથે રહી જરૂરી કાર્યવાહી કરવી. |
| ૧૧ | Gem પોર્ટલ પરથી કચેરીની જરૂરી ખરીદી અંગેની કામગીરી. |
| ૧૨ | ફાર્મમાં ચોરી-નુકશાન થાય તો તે અંગેની રીપોર્ટ તરત જ કચેરીને કરવો. |
| **(૪) તન્વીબેન એન. ચૌહાણ, ખેતી મદદનીશ :-** | |
| ૧ | કેન્દ્રની તમામ યોજનાની ખરીદીના મંજુરી રજીસ્ટરો નિભાવવા. |
| ૨ | કેન્દ્રની તમામ યોજનાના સ્ટોર રોજમેળ નિભાવવા. |
| ૩ | ખેત મજુરોની લેબરસીટ નિભાવવી. |

| | |
|---|---|
| ૪ | ફાર્મ ઉપજ વેચાણનો કેશ મેમો નિભાવવો. |
| ૫ | ફાર્મના મજુરો સાથે રહી સોંપવામાં આવેલ કામગીરી સરળતાથી કરાવવી. |
| ૬ | કેન્દ્ર ખાતે ચાલતી વિવિધ યોજનાના ખરીદીના બીલો ચઢાવવા. |
| ૭ | કેન્દ્રના વિવિધ યોજનાના ડેડ-સ્ટોક રજીસ્ટરની નિભાવણી કરવી. |
| ૮ | કચેરીની સાફ-સફાઈ, સુશોભન તથા જુદા જુદા ફુલ-છોડોની રોપણી કરાવી ફાર્મ સુંદર બનાવવું. |
| ૯ | યુનિવર્સિટી તથા સ્થાનિક ભંડોળ ઓડીટ સમયે જરૂરી સ્ટોરને લગતી ઓડીટની કામગીરી કરવી. |
| (૫) સીનીયર કલાર્કનો ચાર્જ **શ્રી. એમ. એ. રાઠોડ, જુનીયર કલાર્કને સોંપવામાં આવેલ છે.** :- | |
| ૧ | કેન્દ્રની તમામ યોજનાનું પગારબીલ બનાવી હિસાબી અધિકારીને જમા કરાવવું તથા પગારપત્રક નિભાવવું. |
| ૨ | કેન્દ્રની તમામ યોજનાની કેશ બુક નિભવણી કરી વખતોવખત ચકાસણી કરી સહી લેવી. |
| ૩ | કેન્દ્રની તમામ યોજનાનું ખર્ચનું વર્ગીકરણ રજીસ્ટર નિભાવવું તથા તે સમયાંતરે કેન્દ્રના વડાને બતાવવું. |
| ૪ | કેન્દ્રના વિવિધ યોજનાના ઓડીટ પેરાના જવાબો કરવા તથા યુનિવર્સિટી તથા સ્થાનિક ભંડોળ ઓડીટ અંગેની તમામ જવાબદારી નિભાવવી. |
| ૫ | પ્લાન યોજના રીવ્યુ અંગેની માહિતી સમયસર તૈયાર કરવું. |
| ૬ | કેન્દ્રની પ્લાન તથા આઈસીઆર યોજનાનું બજેટ તૈયાર કરવું. |
| ૭ | કેન્દ્રના કર્મચારીઓની સેવાપોથીની નિભવણી કરવાની રહેશે, જેમાં રજા અંગે તથા અન્ય અગત્યની નોંધ બાબતે સર્તકતા રાખી સમયસર કાર્યવાહી કરવાની રહેશે. |
| ૮ | કેન્દ્રના ત્રિમાસીક ચાર્જપત્રક દર ત્રણ માસે તૈયાર કરી સમયસર કુલ સચિવશ્રીની કચેરીએ મોકલવું. |
| ૯ | યુનિવર્સિટી તથા લોકલ ફંડ ઓડીટ વખતે હિસાબી શાખાને લગતી ઓડીટની કામગીરી કરવી. |
| ૧૦ | કેન્દ્રની વિવિધ યોજનાના ડી.સી. બીલો તૈયાર કરી, ઓન લાઈન કરી તેને પાસ કરાવવા ઉપરની કચેરીએ રજુ કરવા. |
| ૧૧ | વિવિધ યોજનાના રીકરીંગ ગ્રાન્ટ રજીસ્ટરો તથા બીલ રજીસ્ટરો નિભાવવા. |
| ૧૨ | કચેરીને લગતી જરૂરીયાતની ચીજ-વસ્તુની ખરીદી અંગેની કાર્યવાહી કરવી. |
| ૧૩ | હિસાબીમાંથી પાસ થઈને આવેલ બીલો તપાસીને પાર્ટી પેમેન્ટ કરવું. |
| ૧૪ | આઉટવર્ડ તથા ઈનવર્ડ રજીસ્ટરો નિભાવવા. |
| ૧૫ | કેન્દ્રનું ટપાલ ટીકીટ રજીસ્ટર નિભાવવું. |
| ૧૬ | કેન્દનું સી.એલ. રજીસ્ટર સમયસર નિભાવું. |
| ૧૭ | આ કાર્યાલય આદેશમાં જે તે ટેબલને સોંપવામાં આવેલ કામગીરી તથા રજીસ્ટરો અને સ્ટોરની આઈટમો જ્યારે ચાર્જની અદલા બદલી થાય ત્યારે ચાર્જ સંભાળનાર કર્મચારીએ તમામ રજીસ્ટરો અને ચીજોનો ચાર્જ જોઈ તપાસીને લેવો. |
| ૧૮ | ઉપરાંત વખતો વખત કેન્દ્રના વડા દ્વારા આપવામાં આવતી સુચના મુજબની કામગીરી કરવાની રહેશે. |

| | |
|---|---|
| ૧૯ | કચેરીમાં ચોરી-નુકશાન થાય તો તે અંગેની રીપોર્ટ તરત જ કચેરીને કરવો. |
| ૨૦ | કેન્દ્રની ઈલેક્ટ્રીક મોટરો તથા અન્ય ચીજ- વસ્તુઓ ચાલુ હાલતમાં રાખવાની રહેશે, દુરસ્તી તેમજ અન્ય બાબતોની કચેરીમાં તુરત જ જાણ કરવી. |

મુદ્દા નં. ૩) **દેખરેખ અને જવાબદારીનાં માધ્યમ સહિત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યરીત :-**

| | |
|---|---|
| ૧ | **ડૉ. પી. એમ. મિસ્ત્રી, સહ સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) :-** યુનિવર્સિટીનાં/સરકારશ્રીનાં નિયમો/વિનિયમો/આચાર સહિતા તથા યુનિવર્સિટીનાં વડાશ્રીનાં આદેશ અનુસાર અનુસરવાની પ્રક્રિયા તથા કાર્યરીતીનું અનુસરણ. |
| ૨ | **ડૉ. પી. કે. જગતાપ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ) :-** યુનિવર્સિટીનાં/સરકારશ્રીનાં નિયમો/વિનિયમો/આચાર સહિતા તથા કચેરીનાં વડાશ્રીનાં આદેશ અનુસાર અનુસરવાની પ્રક્રિયા તથા કાર્યરીતીનું અનુસરણ. |
| ૩ | **મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(એગ્રોનોમી)(ખાલી જગ્યા) :-** યુનિવર્સિટીનાં/સરકારશ્રીનાં નિયમો/વિનિયમો/આચાર સહિતા તથા કચેરીનાં વડાશ્રીનાં આદેશ અનુસાર અનુસરવાની પ્રક્રિયા તથા કાર્યરીતીનું અનુસરણ. |
| ૪ | **તન્વીબેન એન. ચૌહાણ, ખેતી મદદનીશ :-** યુનિવર્સિટીનાં/સરકારશ્રીનાં નિયમો/વિનિયમો/આચાર સહિતા તથા કચેરીનાં વડાશ્રીનાં આદેશ અનુસાર અનુસરવાની પ્રક્રિયા તથા કાર્યરીતીનું અનુસરણ. |
| ૫ | **શ્રી. જે. આર. પઢિયાર, સીનીયર કલાર્ક(કામગીરી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ ખાતે છે.) :-** યુનિવર્સિટીનાં/સરકારશ્રીનાં નિયમો/વિનિયમો/આચાર સહિતા તથા કચેરીનાં વડાશ્રીનાં આદેશ અનુસાર અનુસરવાની પ્રક્રિયા તથા કાર્યરીતીનું અનુસરણ. |
| ૬ | **શ્રી. એમ. એ. રાઠોડ, જુનીયર કલાર્ક :-** યુનિવર્સિટીનાં/સરકારશ્રીનાં નિયમો/વિનિયમો/આચાર સહિતા તથા કચેરીનાં વડાશ્રીનાં આદેશ અનુસાર અનુસરવાની પ્રક્રિયા તથા કાર્યરીતીનું અનુસરણ. |

મુદ્દા નં. ૪) **પોતાના કાર્યો બજાવવા માટે નક્કી કરેલા ધોરણો :-**

અત્રેની કચેરી ખાતે સંશોધનને લગતી સઘળી કામગીરી ટેકલીકલ કર્મચારી દ્વારા તથા વહીવટી કર્મચારીઓ દ્વારા કચેરીને લગતી તમામ પ્રકારની વહીવટી/હિસાબી કામગીરી યુનિવર્સિટીનાં નીતિ-નિયમો મુજબ કરવામાં આવે છે. આ કામગીરી તમામ કર્મચારીઓ દ્વારા યુનિવર્સિટીનાં સ્ટેચ્યુટ S–૧૨૧ State Agricultural Universities Rule, 2011 મુજબ તથા રાજ્ય સરકારનાં નીતિ-નિયમો આધિન કાર્ય કરવામાં આવે છે.

મુદ્દા નં. ૫) **કાર્યો બજાવવા માટે પોતાની પાસેના અથવા નિયંત્રણ હેઠળનાં કે કર્મચારી દ્વારા અનુસરવામાં આવતા નિયમો, વિનિયમો, સૂચનાઓ, નિયમ સગ્રહો અને તે સંબંધી રેકર્ડ :-**

ગુજરાત સરકારની માહિતી પરિચય પુસ્તીકા, યુનિવર્સિટીનાં સ્ટેચ્યુટ અને વડી કચેરીનાં આદેશ મુજબ.

મુદ્દા નં. ૬) પોતાની પાસે અથવા પોતાના નિયંત્રણ હેઠળ હોય તેવા દસ્તાવેજોની કક્ષા અને વર્ગીકરણનું પત્રક :-

| | |
|---|---|
| (૧) ડૉ. પી. એમ. મિસ્ત્રી, સહ **સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ)** :- | |
| ૧ | ખાનગી પત્રવ્યવહારની ફાઈલ. |
| ૨ | પ્રોએક્ટીવ ડીસ્કોલઝર (RTI) માહિતી અંગેની ફાઈલ. |
| ૩ | હયાત પ્રોજેકટની સમીક્ષા બાબત (પ્લાન/નોન પ્લાન). |
| ૪ | મોનીટરીંગ ઓફ નાઈઝર ક્રોપનાં રીપોર્ટ અંગેની ફાઈલ. |
| ૫ | ચીકુવાડીયાનાં ઝાડોનાં નિકાલ અંગેની ફાઈલ. |
| ૬ | ઓડિટ પેરા અંગેની ફાઈલ. |
| ૭ | પ્રફોર્મન્સ ઓડિટ અંગેની ફાઈલ. |
| ૮ | સોયાબીનનાં પાક ઉપર વીમા અંગેનાં પત્રવ્યવહારની ફાઈલ. |
| ૯ | યુનિવર્સિટી મિલ્કત (ફાર્મ) ની માહિતી અંગેની ફાઈલ. |
| (૨) ડૉ. પી. કે. જગતાપ, **મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(બ્રીડીંગ)** :- | |
| ૧ | એઆઈસીઆરપી ટેકનીકલ ફાઈલ. |
| ૨ | એઆઈસીઆરપી ઓન નાઈઝર એક્સપેરીમેન્ટ ફાઈલ. |
| ૩ | ટ્રાયબલ સબ પ્લાન ડેમોનસ્ટ્રેશન ફાઈલ. |
| ૪ | ફ્રન્ટ લાઈન ડેમોનસ્ટ્રેશન ફાઈલ. |
| ૫ | એઆઈસીઆરપી એયુસી એન્ડ પ્રોજેક્ટ ફાઈલ. |
| ૬ | રેફ્રન્સ ફાઈલ. |
| (૩) **મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક(એગ્રોનોમી)નો ચાર્જ ડૉ. પી. કે. જગતાપને સોંપવામાં આવેલ છે.** :- | |
| ૧ | યુનિવર્સિટી ટેકનીકલ એન્ડ સરક્યુલર ફાઈલ. |
| ૨ | નાઈઝર એગ્રોનોમી ફાઈલ. |
| ૩ | અન્ય માઈનોર સીડ ક્રોપ ફાઈલ. |
| ૪ | પબ્લીકેશન/રીર્સચ પેપર/ભલામણ ફાઈલ. |
| ૫ | એગ્રોનોમીકલ અખતરાઓની ફાઈલ. |
| ૬ | કેન્દ્રની માહિતી અંગેની ફાઈલ. |
| ૭ | સીડ પ્રોસેસીંગ પ્લાન્ટની ફાઈલ. |
| (૪) તન્વીબેન એન. ચૌહાણ, **ખેતી મદદનીશ** :- | |
| ૧ | રેટ કોન્ટ્રાક્ટની ફાઈલ. |
| ૨ | સ્ટોર વેરીફીકેશન અંગેની ફાઈલ. |
| ૩ | ક્લાસીફાઈડ/મકાન રીનોવેશનનાં પત્રવ્યવહારની ફાઈલ. |



| | |
|---|---|
| ૪ | ડેડસ્ટોક, કન્ઝુમર્સ સ્ટોરની ખરીદી અંગેના પ્રપોઝની ફાઈલ. |
| ૫ | અખતરાઓ તથા બીજ ઉત્પાદનની પાક યોજનાની ફાઈલ. |
| ૬ | ક્લાસીફાઈડ વર્કસની ફાઈલ. |
| ૭ | બીજ ઉત્પાદન પ્રોગ્રામ અંગેની ફાઈલ. |
| (૫) સીનીયર કલાર્કનો ચાર્જ શ્રી. એમ. એ. રાઠોડ, જુનીયર કલાર્કને સોંપવામાં આવેલ છે. :- | |
| ૧ | વ્યવસાયવેરા, ચલન તથા ફાર્મ આવકની ફાઈલ. |
| ૨ | ઓડિટ, ઈન્કમટેક્ષ, કર્મચારીઓની સર્વિસ બુક તથા કર્મચારીઓની પી.એફ. પાસબુક. |
| ૩ | સિક્યુરીટી તેમજ કર્મચારીઓની ફાઈલ. |
| ૪ | પેન્શન કેશોની ફાઈલ. |
| ૫ | નિમણુંક/બદલી/પગાર તથા કોન્ટ્રાચ્યુલ/કુશળ સ્ટાફના અટેન્ડન્સ રજીસ્ટર. |
| ૬ | વાર્ષિક ઈજાફા/ખાસ પગાર મંજુર કરવાની ફાઈલ. |
| ૭ | બજેટ, પગારબીલ, ડી.સી.બીલ તથા પાસીંગ બીલોની ફાઈલ. |
| ૮ | રીવોલ્વીંગ ફંડની ફાઈલ. |
| ૯ | બેન્ક કામગીરીની ફાઈલ. |
| ૧૦ | માહિતી, પરિપત્ર, જાહેરનામુની ફાઈલ. |
| ૧૧ | માસિક/ત્રિમાસિક માહિતીની ફાઈલ. |
| ૧૨ | તમામ પ્રકારની રજાઓ (સી.એલ., મરજીયાત, બદલાની સહિત) ની ફાઈલ. |

મુદ્દા નં. ૭) સત્તામંડળે અનુસરવાની નીતિ અથવા તેના અમલીકરણ સંબંધમાં નાગરિકો સાથે વિચાર વિનિમય માટે અથવા તેમના દ્વારા રજુઆત માટેની વિદ્યમાન ગોઠવણની વિગતો :- ઉપરોક્ત વર્ગનાં વિભાગને લાગુ પડતુ નથી.

મુદ્દા નં. ૮) તેના ભાગ તરીકે અથવા તેની સલાહના હેતુ માટે બે અથવા તેથી વધુ વ્યક્તિઓના બનેલા બોર્ડ, કાઉન્સિલ, સમિતિ અને બીજા મંડળોની બેઠકો લોકો માટે ખુલ્લી છે કે કેમ અથવા તેવી બેઠકોની કાર્યનોંધો લોકોને મળવાપાત્ર છે કે કેમ? :- લાગુ પડતુ નથી.

મુદ્દા નં. ૯) તેના અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી :- લાગુ પડતુ નથી.

મુદ્દા નં. ૧૦) તો વિનિયમોમાં જોગવાઇ કર્યા પ્રમાણે વળતરની પધ્ધતિ સહિત તેના દશેક અધિકારીઓ અને કર્મચારીઓને મળતાં માસિક મળતરની વિગતો :-

| અ.નં. | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | ડૉ. પી. એમ. મિસ્ત્રી | સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રી.) | ૧૩૧૪૦૦-૨૧૭૧૦૦ |
| ૨ | ડૉ. પી. કે. જગતાપ | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક | ૫૭૭૦૦-૧૮૨૪૦૦ |
| ૩ | ખાલી જગ્યા | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (તા. ૦૧/૧૦/૨૦૨૪ ના રોજથી ખાલી) | ૫૭૭૦૦-૧૮૨૪૦૦ |
| ૪ | તન્વીબેન એન. ચૌહાણ | ખેતી મદદનીશ | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૫ | શ્રી. જે. આર. પઢિયાર | સીનીયર ક્લાર્ક (કામગીરી તા.૦૧/૧૦/૨૦૨૪ના અસરથી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ ખાતે છે.) | ૨૫૫૦૦-૮૧૧૦૦ |
| ૬ | શ્રી. એમ. એ. રાઠોડ | જુનીયર ક્લાર્ક | ૧૯૯૦૦-૬૩૨૦૦ |

મુદ્દા નં. ૧૧) તમામ યોજનાઓ, સુચિત ખર્ચ અને કરેલી વહેંચણી પરના અહેવાલોની વિગતો દર્શાવતી તથા તે દરેક એજન્શીને ફાળવેલા નાણાંકીય સંસાધનોની વિગતો :-

ખરસાણી સંશોધન કેન્દ્ર, વણારસી ખાતે ચાલતી વિવિધ યોજનાઓની સને ૨૦૨૫-૨૬ ગ્રાન્ટ તા.૩૦/૦૪/૨૦૨૫ પછીની માહિતી નીચે મુજબ છે.

| અ. નં. | બજેટ સદર | યોજનાનું નામ | પ્લાન/ નોન પ્લાન | ફાળવેલ ગ્રાન્ટ (લાખમાં) | | થયેલ ખર્ચ (લાખમાં) | | | આવક (તા.૦૧/૦૪/૨૫ થી તા.૩૦/૦૪/૨૫ સુધી) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | વિગત | રકમ | પગાર ભથ્થા | રીક રીંગ | નોન રીક રીંગ | |
| ૧ | ૧૨૦૦૯-૫ | ખરસાણી સંશોધન યોજના | પ્લાન | પગાર ભથ્થા | ૭૬.૬૩ | ૬.૨૪ | - | - | - |
| | | | | રીકરીંગ | ૧૯.૨૨ | - | ૦.૭૯ | - | |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૧૨૧૨૯ | એગ્રોનોમીક રીસર્ચ ઓન રેઇન ફેડ/ ડ્રાયફામીંગ ફોયસ- અન્ડર ટ્રાયબલ એરીયા ઓફ સાઉથ ગુજરાત. | પ્લાન | રીકરીંગ | ૧૦.૪૯ | - | - | - | - |
| ૩ | ૨૦૫૨ | ઓલ ઇન્ડીયા કો.ઓર્ડીનેટેડ રીસર્ચ પ્રોજેક્ટ ઓન સીસમ એન્ડ નાઇઝર. | ICAR | પગાર ભથ્થા | - | ૩.૪૯ | - | - | - |
| | | | | રીકરીંગ | | - | - | - | |
| ૪ | ૧૮૨૧૨-NF | DBT-Niger Network Project (ICAR) | ICAR | રીકરીંગ | ગ્રાન્ટ ફાળવેલ નથી. | - | - | - | - |
| ૫ | ૨૦૭૬ | ટ્રાયબલ સબ પ્લાન (TSP) | ICAR | રીકરીંગ | | - | - | - | - |
| ૬ | ૨૭૦૪-૪૫ | ફ્રન્ટ લાઈન ડેમોન્ટ્રેશન (FLD) | ICAR | રીકરીંગ | | - | - | - | - |
| ૭ | ૨૧૫૬ | Seed hub on Niger-NMES-OS (RF) | ICAR | રીકરીંગ | | - | - | - | - |
| ૮ | ૯૫૧૦-એન૧૩ | રિવોલ્વીંગ ફંડ | - | રીકરીંગ | | - | - | - | - |
| ૯ | ૨૭૦૪-૫૫ એ-૬ | મેગાસીડ પ્રોજેક્ટ | - | રીકરીંગ | | - | - | - | - |

મુદ્દા નં. ૧૨) ફાળવેલી રકમો અને તેવા કાર્યક્રમોના લાભાર્થીઓની વિગતો સહિત આર્થિક સહાય કાર્યક્રમોની અમલ બજવણીની રીત :-

સંશોધન કેન્દ્ર હોઇ નાગરિકોને સીધી કોઇ આર્થિક સહાય કરવામાં આવતી નથી.

મુદ્દા નં. ૧૩) છુટછાટો, પરવાનગીઓ અથવા અધિકૃતિઓ મેળવનારાની વિગતો :-

સંશોધન યુનિટ હોય લાગુ પડતુ નથી.

મુદ્દા નં. ૧૪) ઇલેક્ટ્રોનિક સ્વરૂપમાં ઉપલબ્ધ અથવા ધરાવેલી માહિતીને લગતી વિગતો :-

નવસારી કૃષિ યુનિવર્સિટીના વેબસાઇટ www.nau.in પર બધી માહિતી ઉપલબ્ધ છે.

મુદ્દા નં. ૧૫) જાહેર ઉપયોગમાં માટે નિભાવવામાં આવતા હોય તેવા ગ્રંથાલય અથવા તેવા વાંચનાલયનાં

કામકાજના કલાકો સહીતની માહિતી તથા તે મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સુવિધાઓની વિગતો :-
અત્રેની કચેરી ખાતે ગ્રંથાલય ઉપલબ્ધ નથી.

મુદ્દા નં. ૧૬) જાહેર માહિતી અધિકારીઓના નામ, હોદ્દાઓ અને બીજી વિગતો :-

| | |
|---|---|
| સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ), ખરસાણી સંશોધન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વણારસી | |
| ઓફિસ નંબર | (૦૨૬૩૦) ૨૨૨ ૦૧૮ |
| મોબાઇલ નંબર | ૯૭૨૪૩૨૨૩૧૦ |
| E-mail ID | nrsvanarasi@nau.in |

મુદ્દા નં. ૧૭) ઠરાવવામાં આવે તેવી બીજી માહિતી :- - નીલ -
દર વર્ષ ૧ લી મે ની સ્થિતિ પ્રમાણે માહિતી અદ્યતન કરવામાં આવશે.

સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રીડીંગ)
સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રી.)
ખરસાણી સંશોધન કેન્દ્ર,
ન.કૃ.યુ. વણારસી - ૩૯૬ ૫૮૦.

મુદ્દા નં. ૧) ચાલુ વર્ષના વૈજ્ઞાનિક પ્રમાણે અખતરાઓની યાદી :-

| | | | |
|---|---|---|---|
| | **Proposed Technical Programme for *rabi/* summer/*kharif*, 2025-26 :-** | | |
| **I** | **NIGER:** | | |
| 1 | AICRP on Niger: | | |
| | All India Co-ordinated Project trials will be finalized at Annual Group Meet | | |
| 2 | State Trials on Niger: | | |
| | | 1 | Maintenance & Evaluation of germplasms received from AICRP, Jabalpur |
| | | 2 | Generation, Advancement and Maintenance of Breeding material |
| | | 3 | Advancement and maintenance of bulk progenies of mutants |
| | | 4 | Small Scale Varietal Trial on Niger<br>Locations: Vyara, Waghai, Dediapada, Achhalia |
| | | 5 | Large Scale Varietal Trial on Niger<br>Locations: Vyara, Waghai, Dediyapada, Achhalia |
| | | 6 | Preliminary Evaluation Trial on Niger in *Rabi* |
| | | 7 | Maintenance of mutant population in *Rabi* |
| | | 8 | Maintenance of station germplasms in *Rabi* |
| | | 9 | Screening of niger germplasm for self-compatibility |
| 3 | Agronomy Experiments | | |
| | 18.2.4.51. Production potential of niger based intercropping system under rainfed condition | | |
| | 18.2.4.52. Effect of different N & P levels in *Rabi* niger (*Guizotia abyssinica* L.) | | |
| **II.** | **SOYBEAN:** | | |
| | | 1 | Large Scale Varietal Trial on Soybean |
| | | 2 | Small Scale Varietal Trial on Soybean |
| | | 3 | Station Trials on Sesame |
| **III** | **SESAME:** | | |
| | | 1 | Collection, Breeding and evaluation of sesame genotypes |
| | | 2 | Multi location trials on sesame for *summer* (Amreli) |
| **IV** | **Linseed:** Evaluation and maintenance of linseed germplasms | | |
| **V** | **Seed Production:** Niger, Soybean, Gram, Green Gram, Indian bean | | |
| **VI** | **Demonstrations:** FLD's/TSP on Niger will be finalized during the Annual Group Meet on Sesame & Niger | | |

મુદ્દા નં. ૨) કેન્દ્ર ખાતે વાવેતર થતા પાકોની આધુનિક ખેતી પધ્ધતિ :-

-: ખરસાણીની ખેતી પધ્ધતિ :-

| | | |
|---|---|---|
| ૧ | પાકનું નામ | ખરસાણી |
| ૨ | જાતનું નામ | ગુજરાત ખરસાણી-૧, ગુજરાત ખરસાણી-૨ અને જીએનએનઆઇજી-૩ |
| ૩ | વાવણીનો સમય | ચોમાસું શરૂ થતા જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે વાવણી કરવી ૧૫ થી ૨૦ જુન. |
| ૪ | સેન્દ્રિય ખાતર | હેકટર દીઠ ૧૦ ટન છાણિયું ખાતર/કમ્પોસ્ટ ખાતર |
| ૫ | રાસાયણિક ખાતર | ૨૦:૨૦:૦૦ કિ.ગ્રા એન.પી.કે/ પર હેક્ટર |
| ૬ | બીજનું પ્રમાણ અને માવજત | થાયરમ ૩ ગ્રામ/૧ કિલો ગ્રામ બીજ દીઠ. બિયારણનો દર ૫ કિલો ગ્રામ પ્રતિ હેક્ટર |
| ૭ | વાવણી અંતર | ૩૦*૧૦ સે.મી. |
| ૮ | નિંદણ નિયત્રંણ | છોડ ઉગ્યા બાદ ૧૫ થી ૨૦ દિવસે પ્રથમ નિદામણ અને ૩૦ થી ૪૦ દિવસે બીજું નિદામણ કરવું |
| ૯ | આંતર ખેડ | કરબડીથી ૨ થી ૩ વખત આંતર ખેડ કરવું |
| ૧૦ | આંતર પાક | ૧. ખરસાણી - અડદ (૨:૧) |
| | | ૨. ખરસાણી - મગ (૨:૧) |
| | | ૩. ખરસાણી - સોયાબીન (૨:૧) |
| | | ૪. ખરસાણી - નાગલી (૨:૧) |
| | | ૫. ખરસાણી - ઓરાણ ડાંગર (૨:૧) |
| ૧૧ | પાક સંરક્ષણ | ખરસાણીનો પાક સંપૂર્ણપણે પરંપરાગત વર્ગનો પાક છે અને એકમાત્ર મધમાખી દ્વારા પરાગનયન થાય છે તેથી મધમાખીઓને નુકસાન ન થાય તે માટે પાકમાં ફૂલો બેસવાની શરૂઆત થાય એટલે કીટનાશક દવાનો ઉપયોગ ટાળવો. ખરસાણીના શિયાળુ પાકમાં મશીનો ઉપદ્રવ થાય છે ત્યારે ચાળેલી-ગાળેલી રાખનું ડસ્ટીંગ કરવામાં આવે તો મશીનો ઉપદ્રવ ઓછો કરી શકાય. |
| ૧૨ | પાકવાનાં દિવસ | ૧૧૦ થી ૧૨૦ દિવસ. |
| ૧૩ | કાપણી તથા ઉત્પાદન | ખરસાણીની કાપણી દેહધાર્મિક પરિપક્વતાની અવસ્થાએ કરવી. હેક્ટરે ૨૫૦ થી ૩૦૦ કિલો. |

**ખાસિયત**

દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારના લોકોની પોષ્ટિક આહાર અને સામાજિક-આર્થિક માંગ પુરી કરવા માટે ખાસ (સ્પેસીફીક) વિસ્તાર અને વાતાવરણને અનુરૂપ ખરસાણી ખૂબ જ અગત્યનો પાક છે. ખરસાણી ઉગાડતા વિસ્તારોમાં આવેલા મોટા ગામડાઓ જેવા કે વાંસદા, વઘઇ, સુબીર, પીંપરી, આહવા, સામગહાન, ધરમપુર, કપરાડા ખાતે ડોળી તેમજ ખરસાણી પીલવા માટેની ઘાણીઓ આવેલી છે ત્યાં ખેડુતો ખરસાણી પીલવી લાવે છે. સઘળી ઘાણીઓ હાલ વિજળીથી ચલાવવામાં આવે છે. ૧૦ કિલો જેટલું તેલ મળે છે. આ તેલ દેખાવમાં સોનેરી પીળા રંગનું, પારદર્શક અને પહેલી નજરે જ ગમી જાય એવું હોય છે. જેઓ ભૂતકાળમાં ખરસાણીનું તેલ ખાતા હતાં તેઓ આજે પણ ખરસાણીનું તેલ શોધતા હોય છે.

* લીલો છોડનો ઉપયોગ લીલોચારો અને સાયલેજ બનાવવા માટે.
* બીજનો ઉપયોગ ચટણી, ખાવાનું તેલમાં ઓછુ - કોલેસ્ટીરોલ અને મુખવાસ તરીકે.
* ખોળનો ઉપયોગ દૂધાળા જાનવરો માટે ખૂબ સારો ખોરાક.

## -: સોયાબીનની ખેતી પધ્ધતિ :-

| | | |
|---|---|---|
| ૧. | પાકનું નામ | સોયાબીન |
| ૨. | જાતનું નામ | ગુજરાત સોયાબીન-૧, ગુજરાત સોયાબીન-૨, ગુજરાત સોયાબીન-૩ કુલે અગ્રણી કે.ડી.એસ-૩૪૪, પી.કે.-૪૭૨, જે.એસ.-૩૩૫ |
| ૩. | વાવણીનો સમય | ચોમાસું શરૂ થતા જમીનમાં પુરતો ભેજ હોય ત્યારે વાવણી કરવી ૧૫ થી ૨૦ જુન. |
| ૪. | સેન્દ્રિય ખાતર | હેકટર દીઠ ૧૦ ટન છાણિયું ખાતર/કમ્પોસ્ટ ખાતર |
| ૫. | રાસાયણિક ખાતર | ૩૦:૬૦:૦૦ કિ.ગ્રા એન.પી.કે/ પર હેક્ટર |
| ૬. | બીજનું પ્રમાણ અને માવજત | થાયરમ ૩ ગ્રામ/૧ કિલો ગ્રામ બીજ દીઠ. બિયારણનો દર ૬૦ થી ૭૫ કિલો ગ્રામ પ્રતિ હેક્ટર |
| ૭. | વાવણી અંતર | ૪૫*૧૦ સે.મી. |
| ૮. | નિંદણ નિયત્રંણ | છોડ ઉગ્યા બાદ ૧૫ થી ૨૦ દિવસે પ્રથમ નિદામણ અને ૩૦ થી ૪૦ દિવસે બીજું નિદામણ કરવું<br>* વાવેતર બાદ તરત જ ભેજ હોય ત્યારે પેન્ડીમીથેલીન ૫૦ મીલી/૧૫ લીટર પાણીમાં નાખી ૩ લીટર પ્રતિ હેક્ટરે છંટકાવ કરવો. |
| ૯. | આંતર ખેડ | કરબડીથી ૨ થી ૩ વખત આંતર ખેડ કરવું |
| ૧૦. | આંતર પાક | ૧. સોયાબીન - અડદ |
| | | ૨. સોયાબીન - મગ |
| | | ૩. સોયાબીન - ઓરાણ ડાંગર |
| ૧૧. | પાક સંરક્ષણ | સોયાબીન પાકમાં જીવાતનાં નિયંત્રણ માટે મોનોકોટોફોસ ૪૫ ઇસી ૧૦ મીલી/૧૦ લીટર પાણીમાં વાપરી છંટકાવ કરવું.<br>સોયાબીનમાં ફુગથી થતા અન્થ્રોકનોઝ, રસ્ટ વિગેરે રોગો કોઇકવાર આવે છે. તેના નિયંત્રણ માટે ડાયથેન એમ -૪૫ દવાનો પાવડર ૨૫ ગ્રામ દર ૧૦ લીટર પાણીમાં નાંખી દ્રાવણ બનાવી જરૂર પ્રમાણે ૧-૨ વખત છંટકાવ કરવો. |
| ૧૨. | પાકવાનાં દિવસ | ૯૦ થી ૧૧૫ દિવસ. |
| ૧૩. | ઉત્પાદન | ૧૫૦૦ થી ૨૦૦૦ પ્રતિ હેક્ટર |

**ખાસિયત**

દક્ષિણ ગુજરાતના આદિજાતિ વિસ્તારના લોકોની પોષ્ટિક આહાર અને સામાજિક-આર્થિક માંગ પુરી કરવા માટે ખાસ (સ્પેસીફીક) વિસ્તાર અને વાતાવરણને અનુરૂપ સોયાબીન ખૂબ જ અગત્યનો પાક છે.

* સોયાબીનએ તૈલિબિયાંનો ટુકાં ગાળાનો મુખ્ય જાદુઇ પાક છે જેમાં ૪૦ ટકા પ્રોટીન અને ૨૦ ટકા તેલ આવેલું છે.
* સોયાબીનનું પ્રોટીન બધા જ એમિનોએસિડ ધરાવે છે.
* સોયાબીન ઘરગથ્થું અને માલસામાનની નિકાસ જેવા કે ખાધ્ય તેલ, ખોળ અને ઓઇલ મીલમાં વધારો કરવા જે એગ્રોઇન્ડસ્ટ્રીજ માટે મહત્વનો પાક છે.
* સોયાબીન મુખ્યત્વે પ્રોટીન મેળવવા તેમજ તેલના સ્રોત તરીકે વપરાય છે. તેમજ ખાધ્ય ચીજો જેવી કે સોયાદુધ, સોયાદહીં, સોયાચીઝ, સોયાસોસ, માર્ગારીન, સોયામોલ, સોયાવડી, રોટલી, ગોળપાપડી, શક્કરપાળાની બનાવટમાં વપરાય છે.

મુદ્દા નં. ૩) કેન્દ્ર ખાતે વાવેતર પાકોની (Good Agricultural Practices) આધારીત ખેતી પધ્ધતિ (દરેકની એક પાનામાં) :- ઉપર મુજબ

મુદ્દા નં. ૪) કેન્દ્ર ખાતેના પાકની સેન્દ્રીય ખેતી પધ્ધતિ :-

| | |
|---|---|
| 1 | Crop rotation with preceding legume (min 2 non-niger crops/fallow) |
| 2 | Deep summer ploughing and recommended in-situ moisture conservation measures. |
| 3 | FYM @ 5 t/ha incorporate ~ 3 weeks before sowing |
| 4 | Cultivator followed by rotavator for fine seed bed preparation before sowing; Bunds cleaning. |
| 5 | Cultivation across slope |
| 6 | Best recommended variety : GN-1,2, GNNIG-3 & GNNIG-4 |
| 7 | Seed rate of 5 kg/ha. |
| 8 | Seed treatment with and Carbendizim @ 2 g/kg seed + *Trichoderma viride* @ 4g + *Pseudomanas. Fluorescens* @ 10 g/kg seed |
| 9 | Seed cleaning by sieving to reduce cuscuta seeds + Seed treat with 10% brine solution + Treat the seed with *Azospirillum* + *Azotobacter* and PSB @ 250 g/kg seed before sowing |
| 10 | Follow 30 to 45 cm (row) line sowing at 10 cm (plant) spacing; |
| 11 | So the sand or ash mixed treated seed in shallow depth (< 2-5 cm) at sufficient soil moisture level and cover with thin layer of soil. |
| 12 | Adopt need based plant protection with IPM. Follow Prophylactic protection under situation of endemic pest or disease with bio or natural products viz., Neem spray or Azadiracht spray at 25 DAS and repeats; Wettable sulphur or Propacanazole for powdery mildew incidence, etc. |
| 13 | Set up bee hives @ 5 hives/ha) |

મુદ્દા નં. ૫) પ્રકાશીત થયેલ વર્ષવાર સંશોધન પેપરો :-

| **Publications :-** | |
|---|---|
| **I]** | **Research articles :-** |
| 1 | Studies on the genetic basis of heterosis, inbreeding depression, heritability and genetic advance through generation mean analysis for yield and its attributing traits in rice (*Oryza sativa* L.) *The pharma Inno. jr.*, 11(7): 3465-72. |
| 2 | Studies on the genetic basis of heterosis and inbreeding depression through generation mean analysis for yield and its attributing traits in rice (*Oryza sativa* L.) *The Pharma Inno. Jr.;* 11(12):2976-2982 |
| 3 | GNNIG-3' (NRS-1304): A High Yielding Niger Variety for Gujarat State. International conference on 'Precision Agriculture' VAKSANA-2022 September, 26-27th, 2022 organized by SVVV, Campus Indore. |
| 4 | GNNIG-4' (NMBP-1907): A High Oil Yielding Niger Variety for Gujarat State. WZPP seminar on "Innovative Approaches for Sustainable Agriculture Under Changing Climates" organized by NAU, Navsari to be held during 22- 23 Dec., 2022 |
| 5 | Heterosis and combining ability studies in sesame. E Poster presented in an International conference on 'Vegetable Oils 2023 (ICVO 2023)' organized by ICAR-IIOR, Hyderabad (TS) |
| 6 | Development of High Oil Yielding NigerVariety for Gujarat State. E Poster presented in an International conference on 'Vegetable Oils 2023 (ICVO 2023)' organized by ICAR-IIOR, Hyderabad (TS) |
| 7 | Effect of foliar nutrition applied at different growth stages soybean [Glycine Max] under rainfed condition. *Journal of Oilseeds*, 39 (sp): 467-469. |

| 8 | Effect of different legumes in castor relay cropping system. *Journal of Oilseeds,* 39 (sp): 469-471. | | | |
|---|---|---|---|---|
| **II** | **Number of Abstract :-** | | | |
| **S. N.** | **Participant** | **Year** | **Symposium/Conference/ Workshop** | **Venue** |
| 1 | Dr. P. M. Mistry<br>Dr. P. K. Jagtap<br>Dr. S. P. Deshmukh | 2023 | International conference " Transformation of Agro technologies for enhancing production under diverse ecosystem " during October 12-14, 2023 | ISA (Navsari Chapter) at Saputara |
| 2 | Dr. P. K. Jagtap | 2023 | Annual Group Meet AICRP on Sesame and Niger, during May-June 31-3, 2023. | ARS, Mandore (AU), Jodhpur, (RJ) |
| 3 | Dr. P. K. Jagtap | 2023 | 21 days training programme on "Breeding for Climate Resilient Agriculture" during 22nd Nov.-12nd Dec., 2023 | CAFT-TNAU, Coimabatore (TN) |
| 4 | Dr. S. P. Deshmukh | 2023 | 21 days training programme on " Concept of Agrometrology and crop weather Modeling" during 28 Nov.-18 Dec., 2023 | MPKV, Pune, (MH) |
| 5 | Dr. P. K. Jagtap | 2023 | Convener for monitoring of AICRP Sesame & Niger trials, seed production and TSP/FLD programmes. | - |
| **III** | **Extension and Popular Articles :-** | | | |

1. P. M. Mistry, P. K. Jagtap and S. P. Deshmukh (2024) A booklet on "Niger Research Station at a glance".
2. P. M. Mistry, P. K. Jagtap and S. P. Deshmukh (2024) Folder on "Improved varieties of Niger released by NRS, Vanarasi".

મુદ્દા નં. ૬) બહાર પાડવામાં આવેલ વર્ષવાર ભલામણોની વિગત :-

| જાતનું નામ | સરેરાશ ઉત્પાદન કિલો/હેક્ટર | ખાસિયતો |
|---|---|---|
| ગુજરાત ખરસાણી-૧ | ૪૫૦-૫૦૦ | ➢ દાણાનો રંગ કાળો અને પસંદગી દ્વારા તૈયાર કરેલ જાત.<br>➢ ગુજરાત ખરસાણી-૧, આરસીઆર-૩૧૭ કરતાં ૨૬.૩% વધારે ઉત્પાદન આપે છે.<br>➢ રોગ સામે પ્રતિકારક શક્તિ ધરાવતી જાત ખરીફ ઋતુમાં મોડા વાવેતર પરિસ્થિતિમાં અનુકુળ. |
| ગુજરાત ખરસાણી-૨ | ૫૦૦-૫૫૦ | ➢ દાણાનો રંગ કાળો વહેલી પાકની જાત (પાકવાનાં દિવસો-૯૪) તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ પશ્ચિમ ભારતમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન અને કર્ણાટક રાજ્યમાં સૌથી વહેલી પાકતી જાત તરીકે વાવેતર માટે ભલામણ થયેલ છે. જેઆઇજીપી-૭૬ કરતાં અંદાજે ૩૭% ઉત્પાદન વધારે આપે છે. |
| ગુજરાત ખરસાણી-3 | ૩૦૦-૪૦૦ | ➢ ખરસાણીની આ જાતનું ઉત્પાદન ૩૯૮ કિ.ગ્રા./હેક્ટર મળેલ, જે રાષ્ટ્રીય નિયંત્રિત જાત આઇજીપીએન-૨૦૦૪-૧ (૩૦૩ કિ.ગ્રા./હેકટર) અને સ્થાયી નિયંત્રિત જાત ગુજરાત ખરસાણી-૨ (૩૦૯ કિ.ગ્રા./હેકટર) કરતાં અનુક્રમે ૩૧.૩૫% અને ૨૮.૮૦% વધારે ઉત્પાદન માલુમ પડેલ છે. |

| | | |
|---|---|---|
| | | ➢ વધુ તેલ ઉપજ આપનારું ૧૨૯ કિ.ગ્રા./હેકટર નોંધાયેલ છે.<br>➢ રાષ્ટ્રીય નિયંત્રિત જાત આઇજીપીએન-૨૦૦૪-૧ (૮૮ કિ.ગ્રા./હેકટર) અને સ્થાયી નિયંત્રિત જાત ગુજરાત ખરસાણી-૨ (૯૭ કિ.ગ્રા./હેકટર) કરતાં અનુક્રમે ૪૬.૫૯% અને ૩૨.૯૮% વધારો નોંધાયેલ છે.<br>➢ જાત અલ્ટરનેરીયા અને સરક્રોસ્પોરા રોગો માટે પ્રતિકારકશક્તિ અને ઘોડિયા તથા પાન કાતરાની ઈયળો માટે મધ્યમ પ્રતિકારકશક્તિ ધરાવે છે. |
| ગુજરાત ખરસાણી-૪ | ૫૪૦-૫૫૦ | ➢ખરસાણીની જાત જી.એન.આઈ.જી.-૪ (કસ્તુરી) નું સરેરાશ ઉત્પાદન ૫૪૩ કિ.ગ્રા./હેકટર છે, જે અંકુશ જાતો આઈ.જી.પી.એન.-૨૦૦૪-૧ તથા જી.એન.એન.આઈ.જી.-3 કરતા અનુક્રમે ૪૧.૧૦ અને ૩૪.૦૭ % વધુ છે.<br>➢નવી જાતમાં તેલનું ઉત્પાદન પણ ૨૦૫ કિ.ગ્રા./હેકટર છે, જે અંકુશ જાતો આઈ.જી.પી.એન.-૨૦૦૪-૧ તથા જી.એન.એન.આઈ.જી.-3 કરતા અનુક્રમે ૬૫.૩૨ અને ૫૭.૬૯ % વધુ છે.<br>➢આ જાત ખરસાણીમાં આવતા અલ્ટરનેરીયા અને સરકોસ્પોરા નામના પાનનાં ટપકાંનાં રોગ તથા અગત્યની જીવાતો જેવી કે પાનની કાતરા ઈયળ તથા ઘોડીયા ઈયળ સામે પ્રતિકારક શકિત ધરાવે છે.<br>➢ખરસાણીની જાત જી.એન.આઈ.જી.-૪ (કસ્તુરી) ને ગુજરાતના ખરસાણીનો પાક લેતા ખેડૂતો માટે ચોમાસા ઋતુ માટે ભલામણ કરવામાં આવે છે. |
| સોયાબીન ફુલે અગ્રણી | ૨૪૦૦-૨૬૦૦ | ➢ વહેલા ફુલ આવવાની શરૂઆત.<br>➢ દક્ષિણ ગુજરાતમાં સોયાબીનની નવી જાત ફુલે અગ્રણીનું સરેરાશ ઉત્પાદન ૨૫૦૪ કિલો/હેકટર છે. જે સ્થાનીક જાતો એન.આર.સી.-૩૭, ગુજરાત સોયાબીન-૩ અને ગુજરાત સોયાબીન-૨ તેમજ રાષ્ટ્રીય કક્ષાની જાત જે.એસ.-૩૩૫ કરતા અનુક્રમે ૧૫.૫૨%, ૨૦.૯૬%, ૨૬.૪૦% અને ૩૨.૧૩% વધુ ઉત્પાદન આપે છે.<br>➢ સોયાબીનની નવી જાત ફુલે અગ્રણીના દાણા મધ્યમ કદના અને પીળાશ પડતો રંગ ધરાવે છે. તદઉપરાંત આ જાત ૧૮.૬% તેલ અને ૪૧% પ્રોટીન ધરાવે છે.<br>➢ સીંગ ન ફાટવાના ગુણધર્મ ધરાવતી સોયાબીનની નવી જાત ગેરુ તથા પીળા પંચરંગીયા રોગ સામે અને પાન કોતરનારી ઈયળ તેમજ શીંગ વેધક ઈયળ સામે મધ્યમ પ્રતિકારક શકિત ધરાવે છે. |

❖ અત્રેના કેન્દ્ર ખાતે ખરસાણીનું અંદાજે ૨૯૯ જર્મપ્લાઝમ(બ્રિડીંગ મટીરીયલ્સની જાળવણી કરવામાં આવે છે. જે માંથી સારું મટીરીયલ્સની પસંદગી કરી ખરસાણીના ક્રોસીંગ પ્રોગ્રામમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

**ખરસાણીનાં પાક ઉપર ખેડુત ઉપયોગી થયેલ ભલામણોની વિગત :-**

❖ વેટીવર (ખસ) ઘાસનાં ચીપાઓનું હેક્ટર દીઠ વધારેમાં વધારે ઉત્પાદન (૩૩ લાખ) જુલાઇ માસનાં વાવેતર પછી છ માસનાં સમયગાળા દરમ્યાન રાસાયણિક ખાતર ૮૦:30:00 નાઇટ્રોજન:ફોસ્ફરસ:પોટાશ/ હેક્ટરે વાપરી તેનું વાવેતર ૩૦*૧૫ સે.મી. નાં અંતરે કરવું.

- દક્ષિણ ગુજરાતનાં ભારે વરસાદવાળા વિસ્તારની ડુંગર અને ઢોળાવવાળી જમીનની પરિસ્થિતીમાં ખરીફઋતુમાં ખરસાણી પાક લેતા ખેડુતોને ભલામણ છે કે ખરસાણી પાકમાં સોયાબીનનો આંતરપાક (૨:૧) પ્રમાણમાં લેવાથી આર્થિક વધુ સારૂં વળતર મળી શકે છે. બીજા ક્રમાંક ખરસાણીમાં આંતરપાક તરીકે અડદનો પાક (૨:૧) પ્રમાણમાં લેવાથી સારૂં વળતર મળી શકે છે.
- દક્ષિણ ગુજરાતની ભારે વરસાદ અને ઢોળાવવાળી આબોહવામાં ચોમાસુ ઋતુ દરમ્યાન પરંપરાગત રીતે લેવાતા ખરસાણી પાક ૫ થી ૬ ગણુ વધારે ઉત્પાદન મેળવવા ખરસાણીનું શિયાળુ ઋતુનો પાક (આર.સી.આર.-૩૧૭) લેવો અને વધુ આર્થિક વળતર માટે તેની વાવણી નવેમ્બર માસનાં છેલ્લા અઠવાડિયાથી ડિસેમ્બર માસનાં પહેલા અઠવાડિયાનાં અંત સુધીમાં કરવી. શિયાળુ પાકને આશરે ચાર પિયતની જરૂરિયાત રહે છે.

**Recommendation(2014) :-**

Efficacy of foliar sprays on intensity of foliar diseases of niger.

Niger growing farmers of South Gujarat region are advised for the effective management of Alternaria and Cercospora leaf spot diseases of niger, two sprays of Carbendazim 12 + Mancozeb 63, 75 WP @ 2.7 g/l first at the initiation of the diseases and second at 15 days after first spray is effectively manage the diseases and increasing the seed yield.

દક્ષિણ ગુજરાતમાં ખરસાણીની ખેતી કરતાં ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, કાર્બેન્ડેઝીમ ૧૨+ મેન્કોઝેબ ૬૩, ૭૫ વે.પો. ૨.૭ ગ્રા/લી ના દ્રાવણનો છંટકાવ રોગની શરૂઆત થયાથી અને ત્યારબાદ ૧૫ દિવસે બીજો છંટકાવ કરવાથી અલ્ટરનેરીયા અને સર્કોસ્પોરા પાનના ટપકાના રોગનું અસરકારક નિયંત્રણ મેળવી પાકનું વધુ ઉત્પાદન મેળવી સકાય છે.


**Recommendation(2015) :-**

Effect of foliar sprays on the incidence of Powdery mildew disease of Niger (*Guizotia abyssinica* Cass) caused by *Sphaerotheca* sp.

Treatment of Wettable Sulphur 80 WP (0.2%) with two sprays first from the initiation of the disease and second after the interval of 15 days recorded the lowest incidence of Powdery mildew disease of Niger and recorded the highest seed yield (733 kg/ha) followed by Propiconazole 25%EC (0.1%) with 601 seed yield kg/ha.

દક્ષિણ ગુજરાતમાં ખરસાણીની ખેતી કરતાં ખેડુતોને ભલામણ કરવામાં આવે છે કે, વેટેબલ સલ્ફર ૮૦ ડબલ્યુપી ૨.૫ ગ્રા/લી ના દ્રાવણનો છંટકાવ રોગની શરૂઆત થયાથી અને ત્યારબાદ ૧૫ દિવસે બીજો છંટકાવ કરવાથી ભૂરી છારો (પાવડરી મીલ્ડયુ) રોગનું અસરકારક નિયંત્રણ મેળવી શકાય છે.

કેન્દ્ર ખાતે આવેલ મકાનોની વિગત :-




| | |
|---|---|
| ૧ | મકાનો-૪: ઓફિસ કમ લેબોરેટરી બિલ્ડીંગ, ડી ટાઇપ ક્વાટર્સ, સીડ પ્રોસેસીંગ પ્લાન્ટ અને સ્ટોર ગોડાઉન |
| | અન્ય: ઈમ્પ્લીમેન્ટ શેડ, થ્રેસીંગ યાર્ડ, પંપરૂમ, સીમેન્ટ પતરાનો શેડ, રીટેઇનીંગ વોલ પથ્થરની, ડ્રેનેજ સ્ટ્રક્ચર (૮નંગ) |
| ૨ | ખેતી લાયક જમીન: ૮.૨૧ હેક્ટર, ફાર્મ રોડ તથા ઓફિસ બિલ્ડીંગ :૧.૦૦ હેક્ટર |
| 3 | વાહનો: જીપ-૧, ટ્રેક્ટર ફાર્મટ્રેક-૧ અને પાવર ટ્રેલર-૧, મોટરસાઇકલ-૧ |

સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રી.)

સહ સંશોધન વૈજ્ઞાનિક (બ્રી.)
ખરસાણી સંશોધન કેન્દ્ર,
ન.કૃ.યુ. વણારસી - ૩૯૬ ૫૮૦.